# હું જીવન જીવવાની રીત શીખવવા આવ્યો છું

## ગાંધીનગરમાં ચાર્તુમાસ અર્થે પધારેલા રાષ્ટ્ર સંત પૂ. પદ્મસાગર સુરીશ્વર મ.સા. સાથે ગાંધીનગર સમાચારની ખાસ વાતચીત

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરમાં કોબા મહાવીર આરાધના કેન્દ્રના જૈનાચાર્ય રાષ્ટ્રીય સંત પૂ. પદ્મસાગર સુરી મહારાજ સાહેબ સેક્ટર-૨૨માં જૈનસંઘના આંગણે ચાતુર્માસ અર્થે પધાર્યા છે. પ્રખર જ્ઞાની અને શ્રૃત જ્ઞાનના ભંડાર મહારાજ સાહેબે ''ગાંધીનગર સમાચાર'' આજે ખાસ વાતચીત કરી હતી જે અત્રે પ્રસ્તુત છે.

**પ્રશ્ન : કોરોના મહામારીથી નાગરિકો પરેશાન છે, આ મહામારી કેમ આટલી પ્રભાવી બની છે ? તેનાથી કેમ બચી શકાય ?**

મ.સા. : આ મહામારી એક પ્રકારે પ્રાકૃતિક



પ્રકોપ છે, આ સમયે દરેકે પુરતી સાવધાની રાખવી જોઈએ, ખાન-પાનમાં સંયમ અને સાવધાની સાથે વ્યસનમુક્ત જીવન હોય તો આપોઆપ પ્રતિકારક શક્તિ પેદા થાય છે, જલ્દીથી તેનો પ્રકોપ શાંત થશે.

**પ્રશ્ન : જૈન જીવન શૈલી આ મહામારીના સંદર્ભે કેટલી પ્રસ્તુત છે ?**

મ.સા. : જૈન જીવનશૈલી એ હકીકતમાં ભારતની જીવનશૈલી છે જે સૌથી પ્રાચીન અને પ્રકૃતિક જીવન શૈલી છે જેમાં આહાર-વિહાર સાથે વ્યસનમુક્ત જીવન એ ભારતની આર્ય સંસ્કૃતિની ઓળખ છે. તેના પર માત્ર જૈનોનો અધિકાર નથી, તે ભારતીય સંસ્કૃતિની દેન છે જે આપણે સમજાવવી જ જોઈએ.

**પ્રશ્ન : કોરોના મહામારીમાં વેપાર-ધંધા-વ્યવસાય પડી ભાંગવાથી માનસિક તણાવ વધ્યો છે તેમાંથી કેવી રીતે મુક્ત થવું ?**

મ.સા. : દરેક વ્યક્તિએ મનને શાંત રાખી મૌન-ધ્યાન અને પરમાત્માનું શરણ લેવું તે એક માત્ર ઉપાય છે. પરમાત્મા પ્રત્યે સંપૂર્ણ આસ્થા રાખવાથી આત્મ વિશ્વાસમાં વધારો થાય છે. આ કપરો સમય કાયમ માટે રહેવાનો નથી. પસાર થઈ જશે. પુણ્ય કાર્યો થકી જ આ પ્રકોપ શઆંત થઈ જશે.

**પ્રશ્ન : યુવાનોમાં વધતી આત્મહત્યાનું શું કારણ હોઈ શકે ?**

મ.સા. : યુવાનોની ઈચ્છાપૂર્તિ ના થાય એટલે સહનશીલતા અને સમજણ શક્તિના અભાવે આ સ્થિતિ પેદા થાય છે જેમાં છેલ્લા ઉપાય તરીકે આ પગલું યુવાનો ભરે છે. આ સમસ્યાના મૂળમાં નૈતિક શિક્ષણ અને પારિવારિક સંસ્કારોનો અભાવ છે.

**પ્રશ્ન : આ સંદર્ભે કેન્દ્ર સરકારની નવી શિક્ષણનીતિ કેટલી યોગ્ય ?**

મ.સા. : શિક્ષણમાં નૈતિક શિક્ષણ જ મહત્વનું છે. ''સા વિદ્યા યા વિમુક્તયે'' અનુસાર નૈતિકતા અને સંસ્કાર વગરનું શિક્ષણ નકામુ છે. નૈતિક શિક્ષણ જ સહનશક્તિ અને સંસ્કાર ખિલવે છે. સૈનિકો યુદ્ધના મેદાનમાં કેટલું સહન કરે છે ? તેમાંથી શીખવું જોઈએ. બીજી તરફ ટીવી-ફિલ્મ જેવા મનોરંજન માધ્યમોમાં દર્શાવાતા કાર્યક્રમો પર નિયંત્રણ જરૂરી છે. આ ઉપરાંત મા-બાપની બાળકોના સંસ્કાર સિંચનનું કાર્ય કરવાની જવાબદારી છે, જે મા-બાપ બાળકને સંસ્કાર નથી

● અનુસંધાન પાન-૭ પર

### પ્રકૃતિનો દુરૂપયોગ વિનાશક પરિણામો નોંતરશે

મહારાજ સાહેબે કોરોના મહામારી અંગે વાત કરતા જણાવ્યું છે કે પ્રકૃતિની કોઈ પણ ચીજવસ્તુઓનો દુરપયોગ કરશો તો તેના દુષ્પરિણામ ભોગવવા જ પડશે. વળી, આપણી જીવનશૈલી જે ભારતીય આર્ય સંસ્કૃતિની ઓળખ હતી તે પ્રાકૃતિક જીવનશૈલી હતી જેમાં રોગ-બિમારીઓ નહોતી. આપણે જીવદયા ભૂલ્યાં છીએ, પશુ-પક્ષીઓએ માનવીને હંમેશા આપ્યું છે, મર્યા પછી પણ તેમના હાડકાં-ચામડુ વગેરે આપી જાય છે, આપણે જળ-વન વગેરેનો વ્યય કરવામાં પાછુ વાળીને જોયુ નથી. હવે પ્રકૃતિનું સંરક્ષણ જ એક માત્ર ઉપાય છે.

# વરસાદે બુધવારે પણ હાથતાળી આપતાં ચિંતા

## કલોલ એક જ તાલુકો છે જ્યાં અત્યાર સુધી પાંચ ઈંચ અને અન્ય ત્રણ તાલુકામાં સાડાત્રણ ઈંચ વરસાદ થયો છે

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લામાં કલોલ તાલુકો એક માત્ર એવો તાલુકો છે જ્યાં અત્યાર સુધીમાં પાંચ ઈંચ વરસાદ ચોમાસાની આ સિઝનમાં નોંધાયો છે. જ્યારે જિલ્લાના ત્રણ તાલુકાઓમાં સાડા-ત્રણ ઈંચ સુધીનો જ વરસાદ નોંધાયો છે.

જિલ્લામાં વરસાદ ખેંચાતા જિલ્લામાં ખરીફ વાવણીની કામગીરી સ્થગિત થઈ ગઈ છે. તેમજ વાવેતર થયેલા વિસ્તારમાં પાકને બચાવવાને લઈ પણ ખેડૂતો પાણી માટે દોડાદોડ કરી રહ્યા છે.

જિલ્લામાં ચોમાસાની આ સિઝનનો હજુ ૧૧.૫૦ ટકા જેટલો જ વરસાદ નોંધાયો છે. જિલ્લામાં કલોલમાં ૧૫.૯૯ ટકા વરસાદ નોંધાયો છે. ગાંધીનગરમાં ૧૩ ટકા, માણસામાં ૧૦.૩૮ ટકા, દહેગામમાં ૭ ટકા વરસાદ નોંધાયો છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં ૮૯ મી.મી. સરેરાશ વરસાદ નોંધાયો છે. આજે સવારે ૬ વાગ્યા સુધીમાં દહેગામમાં ૫૩ મી.મી., ગાંધીનગરમાં ૯૩ મી.મી. અને માણસામાં ૮૩ મી.મી. તો કલોલમાં ૧૨૫ મી.મી. વરસાદ નોંધાયો છે. જિલ્લામાં આજે પણ ગોરંભાયેલા વાદળો ન વરસતાં ચિંતાનો માહોલ વધુ ને વધુ લોકોને કોરી ખાઈ રહ્યો છે. જિલ્લામાં આજે ગાંધીનગર-દહેગામમાં દિવસ દરમ્યાન વરસાદના હળવા ઝાપટા નોંધાયા હતા. દહેગામમાં સાંજે સાત વાગ્યા સુધીમાં ૩ અને ગાંધીનગરમાં ૧ મી.મી. વરસાદ નોંધાયો છે.

# બાળ આયોગ દ્વારા ૨૩મીએ સંભવિત ત્રીજી વેવ અને બાળ સંભાળ અંગે બેઠક

## સંભવિત ત્રીજી લ્હેર અને બાળકોની સંભાળ કેવી રીતે રાખવી તે વિષયને લઈ તંત્રના પદાધિકારીઓને સેન્સેટાઇઝ કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૧

આગામી ૨૩મીના રોજ ગાંધીનગર જિલ્લા પંચાયત ખાતે કોરોનાની ત્રીજી લ્હેર અને બાળકોની સંભાળને લઈ રાજ્ય બાળ આયોગ દ્વારા એક વિશિષ્ટ બેઠકનું આયોજન કરવામાં આવ્યુ છે.

આ બેઠકમાં કોરોનાની સંભવિત ત્રીજી લ્હેર અને બાળકોની સંભાળ કેવી રીતે રાખવી તે વિષયને લઈ તંત્રના પદાધિકારીઓને સેન્સેટાઈઝ કરવામાં આવશે.

બાળ આયોગના ચેરમેન જાગૃતિબેન પંડ્યાના અધ્યક્ષસ્થાને મળનારી આ બેઠકમાં જિલ્લા પંચાયતના પ્રમુખ, ઉપપ્રમુખ, તાલુકા પંચાયતના પ્રમુખ, ઉપપ્રમુખ તેમજ મહિલા બાળ વિકાસ સમિતિના ચેરમેન, સમિતિના સભ્યો અને અધિકારીઓ ઉપસ્થિત રહેશે.

આ બેઠકને લઈ તંત્ર દ્વારા તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. સવારે ૧૦.૩૦ વાગે શરૂ થનારી આ બેઠક બપોર સુધી ચાલશે. આ બેઠક પછી તાલુકાકક્ષાએ તા.પં.ના પ્રમુખના અધ્યક્ષસ્થાને આવી બેઠકો યોજવામાં આવશે.

મળતી વિગતો મુજબ સંભવિત ત્રીજી વેવમાં બાળકો વધુ સંક્રમિત થશે તેવી ચાલી રહેલી ચર્ચાઓ વચ્ચે બાળકોની સંભાળ રાખવાને લઈ બાળ આયોગ દ્વારા રાજ્યના તમામ જિલ્લાઓમાં આવી બેઠકો યોજવામાં આવનાર છે.



શહેરની સેકટર-૨૧, સેકટર-૨૯ અને પેથાપુરની મસ્જીદ ખાતે ઈદ ઉલ અદહા (બકરી ઈદ) ની ઉજવણી કરવામાં આવી હતી. સરકારના નિયમ મુજબ સોશ્યિલ ડિસ્ટન્સ સાથે સૌ મુસ્લિમ બિરાદરોએ ઈદની નમાજ અદા કરી હતી. સૌ સમાજના ભાઈ-બહેનોનું સ્વાસ્થય સારુ રહે તે માટે મુસ્લિમ બિરાદરો દ્વારા પ્રાર્થના કરવામાં આવી હતી, તેમ મુસ્લિમ સમાજના આગેવાન યુનુસ યુસુફભાઈ પરમારે જણાવ્યું હતું.

# નાના લોકોને લોન સહાયના ધિરાણમાં બેંકો સકારાત્મક અભિગમ દાખવે : કલેક્ટર

ગાંધીનગર, તા. ૨૧

નાના લોકોને લોન-સહાય યોજનાના લાભ આપવામાં બેંકો સકારાત્મક અભિગમ દાખવે તેવી ચિમકી જિલ્લા કલેક્ટર કુલદીપ આર્યએ આપી છે.

ગાંધીનગર જિલ્લામાં પ્રધાનમંત્રી સ્વનિધિ સ્ટ્રીટ વેન્ડર્સ સહાય યોજનામાં ગાંધીનગર શહેરના ૩ હજાર લાભાર્થીઓને આ લોન અપાઈ છે જ્યારે કલોલ-માણસા અને દહેગામમાં માત્ર ૮૦૦ લોકોને જ આ લોન-સહાય યોજનાનો લાભ અપાયો છે.

જિલ્લા કલેક્ટરે શહેરી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને પણ સર્વે બરાબર કરી અને વધુને વધુ આવા લાભાર્થીઓને લાભ મળે તે જોવા જણાવ્યુ હતુ. ત્યારે બેંકો દ્વારા સકારાત્મક અભિગમ નહિ અપનાવવામાં આવતો હોવાની ફરિયાદ પણ તેમને મળી હતી.

જિલ્લા કલેક્ટરે આ બાબતે બન્ને કક્ષાએ સકારાત્મક અભિગમ સાથે જિલ્લાના અર્થતંત્રને વધુ ચેતનવંતુ બનાવવા પર ભાર મુક્યો હતો. તેમણે જણાવ્યુ હતુ કે નાના લાભાર્થીઓનો રિકવરી રેટ સારો હોય છે ત્યારે બેંકો સકારાત્મક અભિગમ સાથે આવા અરજદારોને સરળતાથી લોન મળી રહે તે જોવા જણાવ્યુ હતુ. તંત્ર દ્વારા આવેલી ભલામણને પણ બેંકોએ ધ્યાને લેવી જોઈએ.

જિલ્લામાં ક્રેડીટ-ડિપોઝીટ રેસિયો રાજ્યની સરેરાશ કરતાં ઓછો છે તેમજ બેંકો દ્વારા કેન્દ્ર અને રાજ્ય પુરસ્કૃત યોજનાના લાભાર્થીઓને લોન-ધિકારણ આપવામાં જે ઉદાસીનતા બતાવે છે તેને લઈ જિલ્લા કલેક્ટરે નારાજગી વ્યક્ત કરી હતી.

જિલ્લા બેંકર્સ સાથેની ડી.એલ.સી.સી. બેઠકમાં પણ તેમણે આ નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યુ આ બેઠકમાં ખાનગી બેંકો ડિપોઝીટમાં વધુ રસ ધરાવે છે પણ ધિરાણ ઓછુ કરી રહી છે તેમજ રાષ્ટ્રીયકૃત બેંકો પણ પુરતા બેંક-મિત્રોની નિયુક્તી નહિ કરીને લોકોને બેંકિંગ સેવાઓ પહોંચાડતી નથી. તેમણે બેંકો દ્વારા જે ધિરાણ પ્લાન તૈયાર થાય છે તેમાં પણ ધિરાણ તેમને ફાળવવામાં આવેલા લક્ષ્યાંક પ્રમાણે કરતી નથી જે દુઃખદ છે.

# શહેર-જિલ્લામાં સતત ત્રીજે દિવસે ઝીરો કેસ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેર-જિલ્લામાં આજે સતત ત્રીજે દિવસે કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી. આજે વેક્સિનેશન અભિયાન પણ બંધ હતુ.

શહેર-જિલ્લામાં કોરોનાનું સંક્રમણ ઘટ્યુ છે અને સંક્રમણ ઘટતાં જ લોકો માસ્ક પહેરવાને લઈ તેમજ સોશ્યલ ડિસ્ટન્સીંગ જાળવવામાં જે બેદરકારી દાખવી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે.

શહેર-જિલ્લામાં કોરોનાને લઈ સર્વેલન્સ યથાવત્ રાખવાની પણ સૂચનાઓ આપવામાં આવી છે. જિલ્લામાં આજે ૫૦ કેસ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે જેમાં ગ્રામ્ય વિસ્તારમાં ૪૭ અને ગાંધીનગર શહેરમાં ૩ કેસનો સમાવેશ થાય છે. જિલ્લામાં ૧૦૦ લોકો જ હોમ ક્વોરોન્ટાઈન હેઠળ છે. જેમાં ૬૮ ગ્રામ્ય વિસ્તારમાં અને શહેરમાં ૩૨ લોકોનો સમાવેશ થાય છે.

જિલ્લામાં સંક્રમણ ઘટ્યુ છે છતાં તંત્રના અધિકારીઓને પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખી સતર્ક રહેવા જણાવવામાં આવ્યુ છે.

# કલોલમાંથી રક્તપિત્તનો એક દર્દી મળ્યો

## જિલ્લામાં હાલ ૧૨ દર્દીઓ છે : છેલ્લે ગાંધીનગરના ચરેડી વિસ્તારમાંથી એક દર્દી મળી આવ્યો હતો : તંત્ર દ્વારા આ અંગે સઘન સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવી

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લામાં



રક્તપિત્ત નિર્મૂલનને લઈ હાથ ધરાયેલા સર્વેમાં પાંચ શંકાસ્પદ દર્દીઓ મળી આવ્યા હતા જેમાંથી એક દર્દીનો રિપોર્ટ રક્તપિત્ત પોઝીટીવ હોવાનો મળી આવતાં તંત્ર ચોંકી ઉઠ્યુ છે. જિલ્લામાં આજે મળી આવેલા આ કેસ સાથે રક્તપિત્તના કેસોની સંખ્યા ૧૨ પર પહોંચી છે.

મળતી વિગતો મુજબ રક્તપિત્તના કેસ શોધવા માટે હાઈરિસ્ક વિસ્તારમાં જિલ્લા ક્ષય કેન્દ્ર ગાંધીનગર દ્વારા પાનસર પી.એચ.સી.ના છત્રાલના જીઆઈડીસી વિસ્તારમાં આ સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

જિલ્લાની ટીમો દ્વારા સર્વેમાં ૨૦૦ વ્યક્તિઓને આવરી લેવામાં આવી હતી જેમાંથી પાંચ શંકાસ્પદ દર્દીઓ મળી આવ્યા હતા. આ દર્દીઓના નમૂના મેળવી અને તેના વધુ પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા હતા જેમાંથી ૧ દર્દીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો હતો.

તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે જિલ્લાની તમામ ઔદ્યોગિક વિસ્તારમાં રહેતા શ્રમિક પરિવારોને સર્વેમાં આવરી લેવામાં આવશે. છત્રાલ જીઆઈડીસી વિસ્તારમાં સઘન સર્વેલન્સ માટેની સૂચનાઓ સાથે કામગીરીને આગળ ધપાવવામાં આવી રહી હોવાનું આ સૂત્રોએ જણાવ્યુ છે.

આ સર્વે દરમ્યાન દર્દીના શરીર પર કોઈપણ જગ્યાએ પાઠુ સીધુ કે ઉપસેલુ, આંખોની ભ્રમર ખરી જવી, ચામડી ચળકાટવાળી થઈ જવી, કાનની બૂટ જાડી થઈ જવી, સંવેદનાનો અભાવ, ચાલતા-ચાલતા પગના ચંપલ નીકળી જવા, અલ્સર થવુ, શરીર ઉપર નાની નાની ગાંઠો થવી જેવા લક્ષણો જોવા મળે તો તેના નમૂના મેળવી ચકાસણી માટે મોકલવામાં આવતા હોય છે.

મળતી વિગતો પ્રમાણે રાષ્ટ્રીય રક્તપિત્ત નિર્મૂલન કાર્યક્રમ અંતર્ગત સારવારમાં મુકાયેલ દર્દીને મલ્ટી ડ્રગ થેરોપી દ્વારા તેમજ અલ્સરવાળા દર્દીઓ માટે કીટ અને માઈક્રો સેલ્યુલર રબર આપવામાં આવે છે.

● અનુસંધાન પાન-૭ પર

# હવે ભીખમાં પૈસા આપવાનું બંધ કરી ધંધાદારી તત્વોને ખુલ્લા પાડવા જોઈએ

## ગાંધીનગરમાં ટ્રાફીક સિગ્નલ અને બજારોમાં વધતા ભીખ માંગનારાઓ કોઈ એક ચોક્કસ ગેંગ દ્વારા રોજ સવારે લવાય છે અને સાંજે લઈ જવાય છે

ગાંધીનગર, તા. ૨૧

આપણા શહેરમાં મંદિર હોય... જોવાલાયક સ્થળ હોય કે ટ્રાફીક સિગ્નલ પણ હોય... ભીખ માંગવાની પ્રવૃત્તિ ફુલીફાલી રહી છે. સંવેદનશીલ પ્રજા હોવાના નાતે રૂપિયો-બે રૂપિયા કે ૧૦ રૂપિયાની ભીખ આપવામાં કોઈને હિચકિચાટ થતો નથી પરંતુ કાળક્રમે ભીખ માંગનારાઓની ગેંગ રાજ્યવ્યાપી બની રહી છે, એને વ્યવસાયિક સ્વરૂપ અપાયુ છે. નાની ઉંમરના બાળકોના અપહરણ આજ વ્યવસાયના કારણે થઈ રહ્યાનું મનાય છે. અપહરણ કરાયેલા બાળકોને નાનપણથી જ આ વ્યવસાયમાં જોતરી દેવાના ષડયંત્રો હવે ઠેર ઠેર રચાય છે. ભીખ માંગીને લાખો રૂપિયાનો ધંધો કરનારાઓની ગેંગ ફુલીફાલી છે અને માનવીની લાગણીઓનો છડેચોક દુરૂપયોગ થાય છે. માટે ભીખમાં હવે પૈસા નહીં ભોજન કે પાણી આપવું જોઈએ.

મહારાષ્ટ્રમાં એક અલગ અભિયાન પણ આરંભાયુ છે જ્યાં ઠેર ઠેર ભીખ માંગતા મહિલા-પુરૂષ-બાળક-વૃદ્ધ કે વિકલાંગોને નાનો મોટો નાસ્તો આપવો પણ રોકડા ના આપવા..! જરૂર પડે તો ગાડીમાં કે થેલામાં બિસ્કીટના પેકેટ અથવા નાસ્તાના પેકેટ રાખવા... જેથી જરૂરીયાતમંદોને આપીને આપણે સંતોષ પામી શકીએ એમ છીએ... ગાંધીનગરમાં જ માત્ર પંચદેવ મંદિરે શરૂઆતમાં પાંચ-સાત ભીખ માંગનારાઓ બેસતા હતાં... છેલ્લા છ મહિનાથી માત્ર પંચદેવ મંદિર નહીં પણ સેક્ટર-૨૧ ના શોપીંગ સેન્ટર, કુડાસણનું બજાર હોય કે ચ-૨ ના સિગ્નલ પર ૮-૧૦ની સંખ્યામાં ભીખ માંગનારાઓનો જથ્થો ઉતરી પડ્યો છે. રોજ સવારે કોઈ અજાણ્યા શખ્સ મોટી ગાડીમાં મુકી જાય છે અને રોજ સાંજે તેમને લઈ જાય છે..!! એમના દ્વારા એકત્ર થયેલી ભીખ ગણી લે છે..!! આ લાગણીઓનો વ્યાપાર છડેચોક ફુલીફાલી રહ્યો છે ત્યારે ભીખમાં પૈસા આપવાનું બંધ કરી આ ગેંગને તોડવાનો સમય આવી પહોંચ્યો છે અને સાથોસાથ કોઈના લાડકવાયા સંતાનોના થતા અપહરણો અટકાવવામાં પણ આ અભિયાન ઉપયોગી બનશે..!! જરૂરીયાતમંદોને પાણી-ભોજન-દવા જેવી જરૂરીયાતની સહાય કરવી એ આપણો માનવીય ધર્મ છે પરંતુ માનવીની લાગણીઓ સાથે ચેડા કરતા તત્વોને ખુલ્લા પાડવા કે ડામી દેવાનું માનવીય કર્તવ્ય છે.

# અમદાવાદમાં ૩૦ એન્ટિજન ટેસ્ટ ડોમ શરૂ કરવામાં આવ્યા

## આ ડોમમાં રોજ ૫૦ રેપિડ એન્ટિજન ટેસ્ટ અને ૫૦ આરટી-પીસીઆર ટેસ્ટ કરવાની કામગીરી હાથ ધરાશે

અમદાવાદ, તા.૨૧

રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસોના આંકડા જોઈએ તો કોરોના કાબૂમાં આવી ગયો હોય તેમ લાગી રહ્યું છે. પરંતુ દુનિયામાં યુકે, સ્પેન સહિતના દેશોમાં ફરી એકવાર કોરોનાના વધતાં કેસોને જોઈને ગુજરાત સરકાર પણ સાવચેત થઈ ગઈ હોય તેમ લાગી રહ્યું છે. કોરોના કેસો ઘટતાં જ આકરા નિયમોમાં છૂટછાટ આપવામાં આવી છે જેના પગલે હરવા-ફરવાના સ્થળથી લઈને શહેરની દરેક બજારમાં ભીડભાડ જોવા મળી રહી છે. તો આગામી એક મહિનામાં તહેવારોની સીઝન પણ શરું થઈ રહી છે ત્યારે કોરોનાની સંભિવત ત્રીજી લહેર માટે આગમચેતી સ્વરુપે તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે. જેને લઈને અમદાવાદમાં પણ ફરી જુદાં જુદાં વિસ્તારોમાં ટેસ્ટિંગ ડોમ શરૂ કરવામાં આવ્યા છે.

ચોક્કસપણે કહી શકાય કે અમદાવાદમાં કોરોનાનું સંક્રમણ ઘટ્યું છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ફ્લેટ વેચવાનો છે
સે.૧૪, બ્લોક નં. ૧૭/૧૯૪, 1BHK, MIG, ગ્રાઉન્ડ ફ્લોર, ગેસ લાઈન, ફુલ ફર્નિચર, રીનોવેશન કરેલ.
૩૨ લાખ - શૈલેષભાઈ
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com